
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૫ ટકા

# સેકટર-૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરમાં આગ લાગી

## રાત્રે લાગેલી આગમાં ખુરશી, વોટર કુલર તેમજ શેડને નુકશાન : ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો, ૪૦ હજારથી વધુનુ નુકશાન






ગાંધીનગર શહેરના સેકટર-૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર ખાતે શુક્રવારની રાત્રીએ સાડા દશ વાગ્યાના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ રૂપ ધારણ કરતા મંદિરમાં રહેલી ૭૦ પ્લાસ્ટીકની ખુરશી, વોટર કુલર, તેમજ પ્લાસ્ટીકના શેડને ભારે નુકશાન થવા પામ્યું છે. મંદિરમાં આગ લાગતા સ્થાનિક નાગરીકો પણ તાત્કાલીક દોડી આવ્યા હતા અને આગને બુઝાવી દેવા પ્રયત્નો કર્યા હતા. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો સમયસર પહોંચી જઈને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૬ ડી ખાતે ચંદ્ર મૌલેશ્વર મંદિર આવેલુ છે. આ મંદિરના પ્રાંગણમાં આવેલા રૂમમાં મંદિરનો તેમજ અન્ય ચીજવસ્તુનો સામાન રાખવામાં આવે છે. ત્યારે ગતરાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં અચાનક આગ લાગી હતી. આગના ધુમાડા અને જવાળાઓને પગલે મંદિર ખાતે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. મંદિરમાં ભભુકી ઉઠેલી આગ વધુ ન પ્રસરે અને નુકશાન ઓછુ થાય તે માટે સ્થાનિક નાગરીકો દ્વારા આગ પર કાબુ મેળવવા માટે પ્રયત્નો કર્યા હતા. જયારે બનાવની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલીક ફાયર જવાનો પહોંચી ગયા હતા. જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે મળતી માહિતી મુજબ આગની જવાળાઓમાં મંદિરની પ્લાસ્ટીકની ૭૦ ખુરશી, વોટર કુલરનો પ્લાન્ટ અને પ્લાસ્ટીકનો શેડ સ્વાહા થઈ ગયો હતો. આગને પગલે અંદાજીત ૪૦ હજારથી વધુનુ નુકશાન થવા પામ્યું છે. જયારે આગ કયાં કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયુ નથી. જયારે ચંદ્ર મૌલેશ્વર મંદિર ખાતે લાગેલી આગની જાણ થતા ભકતો મોડીરાત સુધી એકઠા થયા હતા.

# શહેરના ઘ-૦ થી ખ-૦ તરફ જતા માર્ગ પર કાર ખાડામાં ખાબકી




ગાંધીનગર, તા.૫

શહેરના ઘ-૦ થી સરગાસણ તરફ જતા માર્ગ પર કોઝ-વે માં કાર ખાબકી હતી. આ કાર ખાબકતા મહેસાણા જિલ્લાના ૩૫ વર્ષિય યુવકને સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે કારનો ખુડદો બોલી ગયો હતો. કાર ચાલકને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે મોકલી અપાયો હતો.જયારે ક્રેઈનની મદદથી કારને બહાર નીકાળી હતી. જો કે બનાવની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી પહોંચી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગર-સરખેજ માર્ગ સિકસલેન બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જેને પગલે ઘ-૦ થી ખ-૦ પર ફલાય ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. માર્ગ અને બ્રિજની કામગીરી ચાલતી હોવાથી હાલના સમયે ગ-૦ થી ખ-૦ દરમિયાન ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. ત્યારે શનિવારના રોજ બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં આઈ-૨૦ કાર લઈને મહેસાણાના લીંચ ગામનો ૩૫ વર્ષિય યુવક પંકજ રમણભાઈ પટેલ ગાડી લઈને પોતાના મિત્ર સાથે જઈ રહ્યો હતો. આ સમયે અચાનક કોઝ વે ના ખાડામાં કાર ખાબકી હતી. આ બનાવમાં કારને મોટીમાત્રામાં નુકશાન થવા પામ્યું છે, પરંતુ કાર સવાર યુવકોનો આબાદ થયો છે. જયારે યુવકોને શરીરે સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે ગાડીને ક્રેઈન બોલાવી બહાર નીકાળવામાં આવી હતી. જો કે ગાંધીનગર-સરખેજ માર્ગ પર અકસ્માત સર્જાતા મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા.

# સચિવાલય એમ્પ્લોઈઝ ક્રેડીટ સોસાયટીના વર્ષ ૨૦૨૦-૨૧ ના હોદેદારોની વરણી






ગાંધીનગર, તા.૫

ધી ગુજરાત સચિવાલય એમ્પલાઈઝ કો ઓપ ન્યુ ક્રેડીટ સોસાયટી લિમિટેડના બાર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક યોજવામાં આવી હતી. જયારે આ બેઠક દરમિયાન વર્ષ ૨૦૨૦-૨૧ના નવા હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.સચિવાલય એમ્પલોઈઝ કો ઓપના ૧૭૬૩ સભાસદો છે. જયારે અધિકારી કર્મચારીઓની આ સહકારી સંસ્થાની થોડા દિવસો અગાઉ જ બાર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક મળી હતી. આ દરમિયાન સંસ્થાના પ્રમુખ તરીકે કનુભાઈ આર પટેલ, ઉપપ્રમુખ તરીકે વિપુલ કે રાઠવા, માનદમંત્રી તરીકે ચેતન એસ દવે, સહમંત્રી તરીકે જીતેન્દ્ર જે સોની , લોન સમિતિના ચેરમેન તરીકે મુકેશ જી મોલાડીયા અને ખરીદ સમિતિના ચેરમેન તરીકે હીરેનકુમાર આર પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમ ધી સચિવાલય એમ્પલોઈઝ કો ઓપ સોસાયટીના મેનેજર મુકેશ કે ઠાકરે જણાંવ્યુ છે.

# પુન્દ્રાસણ ગામથી જુગાર રમતા ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૫

પુન્દ્રાસણ ગામની સીમમાં ગાંડાજી સોમાજી ઠાકોરના મકાનની સામે આવેલા ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ત્રણ શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસને જોઈ શકુનીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે પોલીસે દાવ પરથી રૂ.૪૯૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૫૭૮૦ મળી કુલ રૂ. ૬૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે પુન્દ્રાસણ ગામ આવતા પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી. પોલીસે પુન્દ્રાસણ ગામના ગાંડાજી સોમાજી ઠાકોરના મકાનની સામે ખુલ્લા ખેતરમાં રેઈડ પાડીને જુગાર રમી રહેલા પુન્દ્રાસણ ગામ ખાતે હુડકોમાં રહેતા ૩૫ વર્ષિય બળદેવજી પ્રહલાદજી ઠાકોર, ગામમાં સુરજોના વાસ ખાતે રહેતા ૩૦ વર્ષિય સંજય જુહાજી ઠાકોર અને ગામના અંદાજીના વાસ ખાતે રહેતા ૫૩ વર્ષિય વિષ્ણુજી કાનાજી ઠાકોરનો સમાવેશ થાય છે.પોલીસને જોઈને જુગારીઓ ભાગી ગયા હતા. પોલીસે પીછો કરીને જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૪૯૦ તેમજ જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૫૭૮૦ મળી કુલ રૂ.૬૨૭૦નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેયની જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ચ-૩ થી ઘ-૩ તરફ જવાના માર્ગે કેટલાક તોફાની તત્વોએ કચરો ભરવાની ગાડી સળગાવી દીધી હતી. આ આગમાં કચરાના છ ડબ્બા અને ગાડી બળીને ખાખ થઈ ગયા હતા. રાત્રીના સમયે કોઈ તોફાની તત્વોએ આ કૃત્ય કર્યું હોવાનું જણાઈ આવે છે.

# શહેરમાં 'અડધી ચમચી જીભની અંદર, કરે કોરોના છૂમંતર' ફેઈમ મિથેલીન બ્લ્યુનો ઉપયોગ વધ્યો

## કોરોનાથી બચવા સોશિયલ મીડિયા પર ખૂબ વાઇરલ થયેલ ભાવનગરના ડો. દિપક ગોલવલકર સૂચિત મિથેલીન બ્લ્યુનો શહેરીજનો પ્રયોગ અપનાવી રહ્યા છે : શહેરમાં મિથેલીન બ્લ્યુની શીશીઓ ઘરે ઘરે ફરતી થવા લાગી

ગાંધીનગર, તા.૪

શહેરમાં કોરોના મહામારીના સતત વધી રહેલા કેસોને કારણે સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો ચિંતિત બન્યા છે. સતત વધતાં જઈ રહેલા કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની સંખ્યાએ શહેરીજનોમાં ચિંતાનો માહોલ સર્જ્યો છે જેને અનુલક્ષીને સ્વાસ્થ્યપ્રેમી શહેરીજનો પોતાના પરિવારમાં કોરોના સક્રમણ લાગે નહીં તે માટે વિવિધ પ્રકારના અખતરાનું શરણું લઈ રહ્યા છે. જેમાં આજકાલ સોશિયલ મીડિયા થકી ખૂબ પ્રસિદ્ધિ પામી રહેલ ભાવનગરમાં માસ્ક કે પીપીઈ કીટ પહેર્યા વગર જ દર્દીઓની સારવાર કરતાં તબીબ ડો. દિપક ગોલવલકર નિર્દેશિત મિથેલીન બ્લ્યુનો પ્રયોગ હવે પાટનગરમાં પણ લોકપ્રિયતા પામી રહ્યો છે અને શહેરમાં પણ મિથેલીન બ્લ્યુની શીશીઓ નાગરિકોના ઘર સુધી પહોંચી જવા પામી રહી છે. આ સાથે 'અડધી ચમચી જીભની અંદર, કરે કોરોના છૂમંતર..!!' સૂત્ર ડો. દિપક ગોલવલકર દ્વારા વહેતું કરવામાં આવ્યું છે.

કોરોનાથી બચવા આરોગ્ય તંત્ર દ્વારા તો ગાઈડલાઈન જાહેર કરીને એલોપથી, આયુર્વેદિક અને હોમિયોપેથી સહિતના ઉપચારોની ભલામણ કરેલી જ છે પરંતુ સોશિયલ મીડિયા પર પણ કોરોના સામે બચવા અનેક ઘરગથ્થુ ઉપચારો વાઈરલ થઈ રહ્યા છે જેનો નાગરિકો ઉપયોગ પણ કરી રહ્યા છે. અત્યારે કોરોના વાયરસથી બચવા અથવા તેનું સંક્રમણ લાગ્યું હોય તો તેમાથી મુકત થવા માટે ભાવનગરના તબીબ ડો. દિપક ગોલવલકર નિર્દેશિત મિથેલીન બ્લ્યુનો લેવાનો પ્રયોગ ખૂબ લોકપ્રિય થઈ રહ્યો છે. ડો. દિપક ગોલવલકર ભાવનગરના તબીબ છે જેઓ ટીબીના ઉપચારમાં મિથેલીન બ્લ્યુનો સફળ અને અસરકારક



પ્રયોગ કરવા માટે જાણીતા છે. મિથેલીન બ્લ્યુ મેડિકલ ક્ષેત્રે અનેક પ્રકારના ઉપયોગમાં લેવામાં આવતું એક કેમિકલ છે જેનો સૌથી જાણીતો ઉપયોગ બાળકોને હાથે-પગે થતાં ગુમડાં પર લગાડવામાં આવતી 'વાદળી દવા' તરીકેનો છે. આ મિથેલીન બ્લ્યુ ફેફસાને મજબૂત બનાવવા માટે ખુબજ ઉપયોગી છે તેવા તારણ સાથે ડો દિપક ગોલવલકરે તેનો કોવિડ-૧૯ના ઉપચારમાં ઉપયોગ કર્યો અને તેના થકી તેઓ હજારો દર્દીઓને સાજા કરી ચૂક્યા હોવાનો સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવી રહ્યો છે. આ દાવાના સમર્થનમાં સોશિયલ મીડિયા પર એક જાણીતી ટીવી ન્યૂઝ ચેનલના રિપોર્ટરે લીધેલો તેમનો ઈન્ટરવ્યુ, ઈન્દોરના એક સિનિયર તબીબ દ્વારા તેમને પોતાને લાગેલ કોરોના વાયરસના ચેપને કારણે ઊભી થયેલ ઑક્સીજનની તકલીફમાંથી મિથેલીન બ્લ્યુ દ્વારા ઝડપથી મુકત થયા હોવાનો દાવો કરતો વિડીયો અને યુ-ટ્યુબ પર ડો.ગોલવલકરના વેબિનારને ખૂબ ભારે માત્રામાં પ્રતિસાદ સાંપડ્યો હોવાનો જેના પગલે રશિયા દ્વારા કોવિડ-૧૯ની સારવાર માટેની સંયુકત સંશોધન પ્રક્રિયામાં ડો.ગોલવલકરની મદદ માંગવામાં આવી હોવાના દાવાઓ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. આ દવા સસ્તી છે અને ભાવનગરમાં તો કેટલીક સ્વૈછિક સંસ્થા અને સેવાભાવીઓ દ્વારા માસ્કની જેમ મિથેલીન બ્લ્યુના સોલ્યુશનની શીશીઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપાયોને ગાંધીનગરમાં પણ પ્રતિસાદ આમપડી રહ્યો છે અને શહેરમાં હોમ આઈસોલેશનમાં રહેલા કોરોના પોઝિટિવ દર્દીઓ ઉપરાંત કોરોનાના લક્ષણો ધરાવતા પરંતુ ટેસ્ટ નહીં કરાવતા નાગરિકો સહિત તદ્દન સ્વસ્થ નાગરિકો દ્વારા પણ કોવિડ-૧૯ની ગંભીર અસરોથી બચવા મિથેલીન બ્લ્યુનો ઉપયોગ શરૂ કરી દેવામાં આવ્યો છે અને ડો. ગોલવલકર દ્વારા સૂચવાયેલ સોલ્યુશન ધરાવતી મિથેલીન બ્લ્યુની શીશીઓ ઘર ઘર પહોંચવા માંડી છે.

### કેવી રીતે લેવાનું હોય છે મિથેલીન બ્લ્યુ?

**મિથેલીન બ્લ્યુ એટલે એ જૂની 'વાદળી દવા' છે જે બાળકોને નાનપણમાં હાથે-પગે થતાં ગુમડાં પર લગાડવામાં આવે છે જે એક પ્રકારનું કેમિકલ છે અને લગભગ મોટાભાગની કેમિસ્ટની દુકાને આસાનીથી પાવડર કે ઈંજેક્શનમાં લિક્વિડ સ્વરૂપે ઉપલબ્ધ હોય છે. જોકે આ દવાના ૦.૧ પરસેંટ સોલ્યુશનનું ૨.૫ એમએલ એટલે કે અડધી ચમચી જેટલું દરરોજ સવારે જીભ નીચે મૂકવાનું હોય છે અને તેને ૨ મિનિટ જેટલું મોમાં રાખીને પછી ગળી જવાનું જણાવાયું છે. આ ઉપરાંત કોરોના સંક્રમિત દર્દીઓ જેઓને ઓક્સીજનનું લેવલ ઘટી જવાથી શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે તેમને નેબ્યુલાઈઝર દ્વારા સીધુ શ્વાસમાં આપવાનું સૂચવાયું છે.**

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. દિપિકા ધર્મેન્દ્ર વ્યાસ, ઉ.વ. ૫૫, સેટેલાઈટ, અમદાવાદ
- સ્વ. પટેલ કાન્તિભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૩, ખાવડ, તા. કડી, મહેસાણા
- સ્વ. દરજી ડુંગરભાઈ રાણાભાઈ, ઉ.વ. ૬૧, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. રાજુભાઈ ગોવિંદભાઈ બિયાણી, ઉ.વ. ૬૨, સરદારનગર, અમદાવાદ
- સ્વ. ચૌધરી ભેમાભાઈ રામાભાઈ, ઉ.વ. ૬૧, બદપુરા, તા. માણસા
- સ્વ. હર્ષ વિનાયકચંદ્ર સેંદાણી, ઉ.વ. ૫, વાવોલ, ગાંધીનગર
- સ્વ. વાઘેલા તેજુબા બીખાજી, ઉ.વ. ૮૦, ઈટાદરા, તા. માણસા
- સ્વ. ભાવસાર કિલાચંદ રામચંદ્ર, ઉ.વ. ૭૫, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. સીતાબેન ભાઈલાલ પટેલ, ઉ.વ. ૮૪, વાવોલ, ગાંધીનગર
- સ્વ. બિજલ છગનભાઈ નિરાશ્રીત, ઉ.વ. ૬૬, કૈલાસપુરા, પાટણ
- સ્વ. કાન્તિજી પુંજાજી મકવાણા, ઉ.વ. ૫૫, ચંદ્રાલા, તા. ગાંધીનગર
- સ્વ. રામાભાઈ સોમદાસ પટેલ, ઉ.વ. ૮૧, મોખાસણ, તા. કલોલ
- સ્વ. સવિતાબેન જેસંગજી ઠાકોર, ઉ.વ. ૬૦, પાલજ નવા, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ જોઈતાભાઈ છગનભાઈ, ઉ.વ. ૭૮, પુંધરા, તા. માણસા
- સ્વ. પટેલ દશરથભાઈ જોઈતારામ, ઉ.વ. ૬૧, બામણવા, તા. વિજાપુર
- સ્વ. ચૌહાણ જીવણભાઈ નનાભાઈ, ઉ.વ. ૬૦, સેકટર-૩ ન્યુ, ગાંધીનગર
- સ્વ. ચૌહાણ આતાજી ખોડાજી, ઉ.વ. ૬૫, દો. વાસણા, તા. ગાંધીનગર
- સ્વ. મિતેષ વિનોદરાય શેલત, ઉ.વ. ૫૮, સે-૨૦, ગાંધીનગર
- સ્વ. શાહ નટવરલાલ શિવલાલ, ઉ.વ. ૮૫, સેકટર-૮, ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. રમણભાઈ શાંતિલાલ ઠક્કર, ઉ.વ. ૮૩, સે-૪, ગાંધીનગર
- સ્વ. પટેલ કાશીબેન હરગોવનદાસ, ઉ.વ. ૭૫, લોદરા, તા. માણસા
- સ્વ. પટેલ જોઈતીબેન ભલાભાઈ, ઉ.વ. ૮૬, સરગાસણ, ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન દુર્લભજી રાવલ, ઉ.વ. ૯૯, સે-૨, ગાંધીનગર
- સ્વ. ઈન્દુમતી વિઠ્ઠલ નિકમ, ઉ.વ. ૮૮, વાવોલ, ગાંધીનગર
- સ્વ. રમણલાલ વનમાળીદાસ શાહ, ઉ.વ. ૯૧, શાહીબાગ, અમદાવાદ
- સ્વ. કમલાબેન અનુભાઈ સોરતે, ઉ.વ. ૬૭, હાટકેશ્વર, અમદાવાદ
- સ્વ. મહેશકુમાર ડાહ્યાલાલ નાયક, ઉ.વ. ૬૫, મહેસાણા